બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :



# ઈશ્વર તરફથી મોકલાયેલ માણસ


લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Alastair Paterson; Byron Unger; Lazarus

અનુકૂલન : E. Frischbutter; Sarah S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી



નિર્માતા : Bible for Children

www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada



©2020 Bible for Children, Inc.

પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.




એક દિવસ મંદિરની અંદર ઝખાર્યા નામે એક વૃદ્ધ યાજક ધૂપ ચઢાવતો હતો. જ્યારે બહાર લોકો પ્રાર્થના કરી રહ્યાં હતા. અચાનક ઝખાર્યા ધ્રૂજવા લાગ્યો.




સ્વર્ગ દૂત આવ્યો હતો, “બીશ નહીં” તેણે કહ્યું. “ઈશ્વરે મને મોકલ્યો છે.
તારી પત્નીને દિકરો થશે. અને તું તેનું નામ યોહાન રાખશે. તે જન્મથી જ
પવિત્રઆત્માથી ભરપૂર થશે. તે ઘણા
લોકોને ઈશ્વર તરફ ફેરવશે.”
3


“ઝખાર્યા અમારી સાથે વાત કર” બહાર લોકો
મૂંઝવણમાં મૂકાઈ ગયા હતા. તે લોકોને ખબર ન હતી
કે ગાબ્રીએલ દૂતે તેને કહ્યું છે કે તે વિશ્વાસ કર્યો નથી
માટે તે બાળકના જન્મ થયા સુધી બોલી
શકશે નહીં. તેણે વિચાર્યું હતું કે તેની
પત્ની બાળકને જન્મ દેવા માટે
ઘણી વૃદ્ધ થઈ ગઈ છે.
4


ઘરે આવ્યા પછી ઝખાર્યાહે દૂતે કહેલી બધી
બાબતો લખી. એલીઝાબેથ તેની પત્ની
આશ્ચર્ય પામી. કારણ કે તેઓએ પ્રાર્થના કરી
હતી. શું આ શક્ય બનવાનું હતું?
5


થોડા જ સમયમાં
એલીઝાબેથને ખબર પડી
કે તેને બાળક આવવાનું
છે. તેણે ઈશ્વરની સ્તુતી
કરી. એક દિવસે મરીયમ
જે એલીઝાબેથની
પિતરાઈ બહેન હતી તેણે
તેની મુલાકાત લીધી.
મરિયમને પણ બાળક
જન્મવાનું હતું.
6


જ્યારે મરીયમ
આવી પહોંચી ત્યારે
એલીઝાબેથનું બાળક
પેટમાં હરખથી કૂદ્યુ.
તેણીને ખબર પડી કે
મરીયમનું બાળક પ્રભુ
ઈસુ ખ્રિસ્ત જ હશે. બન્ને
સ્ત્રીઓ મળીને આનંદ
સાથે ઈશ્વરની
આભારસ્તુતિ કરી.
7


ઈશ્વરના વચન પ્રમાણે એલીઝાબેથને બાળકનો જન્મ થયો.
તેનું નામ તેના પિતાની જેમ ઝખાર્યા રાખો, એક
યાજકે જણાવ્યું. ઝખાર્યાને ઈશ્વરની આજ્ઞા
યાદ આવી. “ના બાળકનું નામ યોહાન
રહેશે.” જ્યારે ઝખાર્યાહે આ શબ્દો
પાટી પર લખ્યા ત્યારે તેની બોલી
પાછી આવી ગઈ. અને તે
ઈશ્વરની આભારસ્તુતિ
કરવા લાગ્યો.
8



જ્યારે યોહાન મોટો થયો ત્યારે તે એલીયાહ સમાન ઈશ્વરનો મોટો વ્યક્તિ બન્યો. યોહાને લોકોને જણાવ્યું કે તેને આશીર્વાદ આપવા માટે મસીહા જલદી આવી રહ્યો છે. યહૂદી આગેવાનોએ યોહાનનો ધિક્કાર કર્યો કારણ કે તેણે તેઓને કહ્યું, “પસ્તાવો કરો, અને પાપ કરવાનું બંધ કરો.” તેઓ લોકો પોતાના પાપ વિશે સાંભળવા માંગતા ન હતાં.

9



ઘણા લોકોએ તેને યોહાન બાપ્તિસ્મી કહ્યો કારણ કે જે લોકો પોતાના પાપો માટે દિલગીર હતા, તેને તે પાણીમાં ડૂબકી ખવડાવતો હતો. એક દિવસ ઈસુ પણ બાપ્તિસ્મા લેવા આવ્યા. “તમારે મારું બાપ્તિસ્મા આપવું જોઈએ” યોહાને તે માટે વિરોધ દર્શાવ્યો. પણ ઈસુએ કહ્યું, “હમણાં આ થવા દે .” અને તેથી યોહાને તેમનું બાપ્તિસ્મા કર્યું.

10



આ બાપ્તિસ્મા થયા પછી યોહાને જોયું કે કબૂતરના રૂપમાં ઈસુ પર પવિત્રઆત્મા ઉતરી આવ્યો. આ ઈશ્વરનું ચિહ્ન હતું. યોહાનને ખબર પડી કે ઈસુ એ ઈશ્વરપુત્ર છે. યોહાને ઈસુને કહ્યું કે આ દેવનું હલવાન છે જે જગતના પાપોને હરનાર છે.

11



યોહાન ઘણા લોકોને ઈશ્વરની પાસે દોરી લાવ્યો. પણ હેરોદ, જે દુષ્ટ રાજ્યકર્તા હતો તેણે યોહાનને જેલમાં નંખાવ્યો. “હેરોદીયાસ જે તારા ભાઈની પત્ની છે, તેને પોતાની પત્ની કરી લેવી તે પાપ છે.” યોહાને હેરોદને કહ્યું, હેરોદને ખબર હતી કે એ વાત સાચી હતી. તેને તે પણ ખબર હતી કે યોહાન ઈશ્વરનો સેવક, ન્યાયી અને પવિત્ર વ્યક્તિ છે. પણ તે પાપ બંધ કરવા માંગતો ન હતો. અને યોહાન જેલમાં નંખાય તોપણ પાપની વિરૂદ્ધમાં બોલવાનું બંધ કરવા માંગતો ન હતો.

12



હેરોદની વર્ષગાંઠે તેને ઘરે એક મોટી ઉજવણી થઈ. હેરોદીયાસની દીકરીએ તેને માટે નૃત્ય કર્યું. તેથી હેરોદ ખુશ થઈ ગયો. “તારે જે જોઈએ તે મારી પાસે માં.” તેણે વચન આપ્યું. “મારૂ અળધુ રાજ્ય પણ આપવા તૈયાર છું.”

13



“મારે શું માંગવું જોઈએ?” છોકરી વિચારમાં પડી ગઈ. તેની દુષ્ટ માતાએ જે યોહાનને ધિક્કારતી હતી. તેણે એક બાબત માટે માંગણી કરવાનું કહ્યું, એ તો ભયંકર ચીજ હતી!

14

"યોહાન બાપ્તીસ્મીનું માથું એક થાળમાં અપાવ." છોકરીએ હેરોદને કહ્યું. તેણે જે વચન આપ્યું તે બદલ તે દિલગીર હતો. પણ તેને તોડવા માટે અભિમાની હતો. "યોહાનનું માથુ કાપી લાવીને તેને હાજર કરો." હેરોદે આજ્ઞા કરી. તેના સૈનિકોએ તે પ્રમાણે કર્યું.



15

નિરાશ થયેલા યોહાનના મિત્રોએ આ ઈશ્વરના નિડર અને વિશ્વાસુ સેવકના શબની દફનક્રિયા કરી. કદાચ તેમને ખબર હતી કે તેઓના વિયોગમાં ઈસુ દિલાસો આપી શકે તેમ છે.



16

ઈશ્વર તરફથી મોકલાયેલ માણસ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

માર્ક ૬, લૂક ૧, ૩

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

17




37 60

18

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો,
ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી
છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ
પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા
પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા,
તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો.
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા
માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬

19